(૨).

ક્રમાંક માશિબો ૭૫/૭૬-બ-૪/૧૬૩૧૭-૩૫
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ.
સેક્ટર-૯, બ્લોક-૧૯
ગાંધીનગર. તા. ૧૫-૧-૭૬

**પરિપત્ર :** બોર્ડના ધ્યાન ઉપર આવ્યું છે. કે છોકરાઓ માટે રજિસ્ટર્ડ થયેલી માધ્યમિક શાળાઓમાં છોકરીઓની સંખ્યા પ્રમાણમાં સારી હોવા છતાં માધ્યમિક શાળાઓ શિક્ષકોની નિમણૂક કરવામાં આવતી નથી. આ અંગે આપનું ધ્યાન ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ૧૨ (૮) (ખ) તરફ દોરવામાં આવે છે, જેમાં સ્ટાફમાં શાળામાં ચાલીસ છોકરીઓ દીઠ એક શિક્ષિકાના પ્રમાણમાં સ્ત્રી શિક્ષકો રાખવા જોઈએ એવી જોગવાઈ કરવામાં આવેલી છે. આથી આપના જિલ્લાની આવી દરેક રજિસ્ટર્ડ થયેલ માધ્યમિક શાળામાં ઉપરોક્ત નિયમનું ચુસ્ત રીતે પાલન થાય એની તકેદારી રાખશો. જે શાળાઓમાં ઉપરોક્ત નિયમનું ચુસ્ત રીતે પાલન થતું ન હોય તેવી દરેક શાળાનું ધ્યાન ઉપર જણાવેલ નિયમ તરફ દોરી, તાત્કાલિક ઘટિત કાર્યવાહી હાથ ધરવા જણાવશો. વિનિયમોની જોગવાઈનું પાલન ન કરતી શાળાઓ અંગે બોર્ડને વિનિયમોની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે તેવી પણ તેને ખાસ સૂચના આપશો.

(સહી) સચિવ,
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.